**પ્લાન યોજનાના ખર્ચની દ્વિતિય સમિક્ષા બેઠક તા. ૩૧.૧.૨૦૧૫ ના રોજ મળેલ હતી. જેની કાર્યવાહી નોંધ**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી પ્લાન યોજનાઓના ખર્ચની સમીક્ષા માટેની દ્વિતિય બેઠકમાં આયોજન અધિકારીશ્રીએ તમામ પ્લાન યોજનાઓના વડાશ્રીઓ/ઇનચાર્જશ્રીઓને આવકારી બેઠકના અધ્યક્ષની અનુમતિ મેળવી ખર્ચ સમીક્ષા અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

બેઠકની શરૂઆતમાં સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. એ.એન. સાબલપરા સાહેબશ્રીએ નીચે મુજબનાં સુચનો કરેલ હતા.

(૧) બજેટ બનાવતી વખતે પૂર્ણ અભ્યાસ કરી આયોજન બધ્ધ નાણાંકીય સુવિધાની માંગણી કરવી જોઇએ જેમાં વધુ કે ઓછી અંદાજ ન મુકાય તેની કાળજી રાખવી જોઇએ.

(૨) નોન-રીકરીંગ સાધનોની કિંમતનો અંદાજ અભ્યાસ કરીને યોગ્ય રીતે મુકવો જોઇએ જેથી સાધન મંજુર થયા બાદ ખરીદતી વખતે રકમ ઘટે નહી તેની કાળજી રાખવી જોઇએ.

(૩) ચાલુ સાલના ઇ-ટેન્ડરીંગ અને આર.સી. થઇ ગયેલ હોઇ સત્વરે ખરીદની પ્રક્રીયા પુરી કરી ફાળવેલ ગ્રાન્ટનો પુરેપુરી સમયસર વપરાશ કરવો અને જો ખરીદ કર્યા બાદ વધતી નોનરીકરીંગ ગ્રાન્ટનો હિસાબ ૧૫ ફેબ્રુઆરી સુધીમાં રજુ કરી દેવો.

(૪) ૫.૦૦ લાખની વધુ કિંમતના સાધનોની છેલ્લા-૩ વર્ષની લોગબૂકની માહિતી તમામ વિભાગીય વડાશ્રીઓ અંગત રસ દાખવીને તાત્કાલીક મોકલી આપવી.

(૫) નવા સાધનોની દરખાસ્ત વખતે અલગ-અલગ ડીપાર્ટમેન્ટ વાઇઝ સાધનો માંગવામાં આવે છે તેના બદલે સેન્ટ્રલ ઇન્સ્ટ્રુમેન્ટલ લેબોટરીના સાધનોનો ઉપયોગ થાય તે રીતે આયોજન કરવુ.

(૬) ચાલુ નાણાંકીય વર્ષમાં આવક માંથી ફાળવેલ ફાર્મ વિકાસના કામો માટેના બાંધકામને લગતા નકશા/ અંદાજો દરેક ફાર્મના વડાશ્રીઓની કામની માંગણી મુજબ કાર્યપાલક ઇજનેરશ્રીએ સત્વરે તૈયાર કરી આપવા.

(૭) પ્લાન યોજનાઓના યોજનાવાઇઝ તાંત્રિક કાર્યક્રમો લેવા અને તેના રીપોર્ટસ એગ્રેસ્કોમાં રજુ કરવા.

(૮) પ્લાન યોજનાઓની સમીક્ષા માટે માંગવામાં આવેલ માહિતી તાત્કાલીક મોકલવી અને જે કોઇ યોજનાઓના ટાઇટલ કે હેતુઓમાં સુધારા/ફેરફાર હોય તે જણાવવા. તેમજ સમાન હેતુવાળી પ્લાન યોજનાઓને મર્જ કરવા અંગેની માહિતી માંગેલ નિયત માહિતીપત્રકમાં આધાર/પુરાવા સાથે રજુ કરવી. જેથી રીસર્ચ કાઉન્સીલ દ્વારા જરૂરી ભલામણ મેળવી ઘટતી કાર્યવાહી કરી શકાય.

(૯) પરીયા ખાતેની રીસર્ચ ઇન ટીસ્યુકલ્ચર યોજનામાં ખાલી રહેલ જગ્યાઓ ભરવા કુલસચિવશ્રીને જે તે યોજનાના વડાએ જાણ કરવી તેમજ સદર યોજના માન.કુલપતિશ્રીની આ અંગેના કેઇસ ફાઇલ પરની રીમાકર્સ મુજબ નવસારી કેમ્પસ ખાતે તબદીલ કરવાની દરખાસ્ત માંગવામા આવેલ નિયત માહિતીપત્રકમાં રીસર્ચ કાઉન્સીલમાં રજુ કરવા માટે મોકલી આપવી.

ત્યારબાદ યોજનાવાર ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની વિગતવાર ચર્ચા વિચારણા કરી જે-તે યોજનાને ગ્રાન્ટની ફેર ફાળવણી કરવામાં આવી. આમ, ફાળવેલ ગ્રાન્ટનો યોજનાના હેતુ મુજબ સમયસર યુનિવર્સિટીના નિતિ નિયમોનુસાર ખર્ચ કરવા તમામ યોજનાના વડાશ્રીઓને જણાવવામાં આવ્યુ.

અંતમા ડૉ.વી.એમ.ઠુમ્મર, પ્લાનીંગ ઓફિસરશ્રીએ સૌનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/ ૧૭૫૪-૬૩ /૨૦૧૫

તા. ૦૩.૦૨.૨૦૧૫

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના:</u>

૧. તમામ પ્લાન યોજનાના ઇનચાર્જશ્રી, વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ થવા સારૂ

૨. યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.

૩. હિસાબ નિયામકશ્રી, નકૃયુ,નવસારી તરફ જાણ થવા સારૂ.

૪. આયોજન શાખા તરફ જાણ થવા સારૂ.